## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ના સાહેબ અમે શરદપૂનમ ઉજવવા જ ભેગા થયા છીએ... આ તો દૂધ ઠરે ત્યાં સુધી બે બાજી નાખી...!!!

# પડતર પ્રશ્નો મુદ્દે સાત ગામના ખેડુતોના ધરણા





ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગર બની જવા પામ્યું છે. ત્યારે સાડા પાંચ દાયકાઓ વિતી જવા છતા શહેરમાં સમાવેશ ૭ ગામને શહેર જેવી માળખાકીય સુવિધા મળી નથી. જેને પગલે ગ્રામજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. પાટનગરના નિર્માણ માટે પોતાની મહામુલી જમીન ખેડુતોએ આપી દીધી છે. સાત ગામના અસરગ્રસ્ત ખેડુતોના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહી આવતા આજે ઈન્દ્રોડા ગામે અસરગ્રસ્ત ખેડતોએ પ્રતિક ઉપવાસ અને ધરણાનું આયોજન કર્યુ હતું. જેમાં ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજયના પાટનગરની રચના સમયે ફતેપુરા, આદિવાડા, બોરીજ, ઈન્દ્રોડા, બાસણ અને પાલજ સહિતના ગામની જમીન સંપાદિત કરી શહેર વસાવવામાં આવ્યું હતું. ત્યારે અસરગ્રસ્ત ખેડુતો સાડા પાંચ દાયકાથી તેમની પડતર માંગણીઓ મુદ્દે ગાંધીનગરના વિવિધ વિભાગમાં રજુઆત કરતા આવ્યા છે.

પરંતુ ખેડુતોની માંગણીઓનો અવાજ તંત્રના અધિકારીઓના બહેરા કાને સંભળાતી નથી. ત્રણ માસ અગાઉ મુખ્યમંત્રીએ સાત ગામના અસરગ્રસ્ત ખેડુતો સાથે મીટીંગ કરી હતી અને તેમના પ્રશ્નોનું નિરાકરણ માટે માર્ગ મકાન વિભાગના અધિકારીઓને જરુરી સુચના આપી હતી. ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર ગણવામાં આવેલા બાંધકામને સરકાર દ્વારા મંજુર કરવા તેમજ શહેર સમકક્ષ સુવિધાઓ આ ગામોમા આપવી તે મુખ્ય માંગણી છે. જો કે મુખ્યમંત્રી સાથે બેઠક બાદ પણ છેલ્લા ત્રણ માસથી ગ્રામજનોના પ્રશ્નો સંદર્ભે કોઈ જ ગતિવિધી શરુ કરવામાં આવી નથી. જેથી અસરગ્રસ્ત ખેડુતોએ ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડી છે.

ગાંધીનગરના ઈન્દ્રોડા ગામે અસરગ્રસ્ત ખેડુતોએ ધરણા યોજી સરકાર સામે મોરચો માંડ્યો છે. સાત ગામના અસરગ્રસ્ત ખેડુતો એકઠા થઈ ઈન્દ્રોડા ગામે ધરણા યોજી પ્રદર્શન કર્યુ હતું. ખેડુતોએ પોતાના પડતર પ્રશ્નોનું ઝડપી નિરાકરણ માટે માંગ કરી હતી. આ પ્રસંગે સાત ગામના વિવિધ આગેવાનો સહિત ગ્રામજનો હાજર રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- વિધાનસભાની આવી રહેલી ચૂંટણીને લઈ ચૂંટણીપંચે મતદાર જાગૃત્તિ અભિયાનના વિવિધ આયોજનો અંગે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી.
- રાજયના શિક્ષણ વિભાગે ૧૧ જેટલા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની બદલીના હુકમ જારી કર્યા છે.
- ગુજરાત નાગર પરિષદ તેની રજતજયંતિ ઉજવણીના ભાગરૂપે આજે ગાંધીનગર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કર્યુ છે.
- ગાંધીનગર શહેરના અસરગ્રસ્તોએ તેમના ૮ પ્રશ્નોના ઉકેલ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખ્યો છે.
- મકાખાડ ખાતે આત્મન્ ફાઉન્ડેશન દ્વારા આસપાસના ગામોના ૮૦થી વધુ જરૂરિયાતમંદોને અનાજની કીટનું વિતરણ કર્યુ છે.
- સરકારી વિનયન કોલેજ ખાતે કાનૂની સેવા સત્તામંડળ દ્વારા પોક્સો કાયદા અંગેની સમજ આપવા એક શિબિરનું આયોજન કર્યુ હતુ.
- ઈન્ટર કોલેજ કબડ્ડી ટૂર્નામેન્ટમાં સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની ટીમે પ્રથમ સ્થાન હાંસલ કરી ગૌરવ વધાર્યુ છે.
- સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે એન.એસ.એસ.નો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- જિલ્લાની પ્રા. શાળાઓમાં નવરાત્રી પર્વ પછી પરીક્ષાનો માહોલ જોવા મળી રહ્યો છે.
- જિલ્લા ભાજપ યુવા મોરચાની આજે એક મહત્વની બેઠક સે. ૨૧ ખાતેના કાર્યાલયમાં મળી હતી.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૨ ડિગ્રીએ પહોંચ્યો હતો.

## ચંદ્રાલા નાકા પોઈન્ટ પર લકઝરી બસમાંથી મુસાફર દારૂ સાથે ઝડપાયો

### આદિવાડા દંતાણીવાસમાંથી દારૂ-બિયરની બોટલો મળી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન લકઝરી બસમાંથી ચિલોડા પોલીસે વિદેશી દારુની ૨૪ બોટલ સાથે પોલીસે દબોચી લીધો હતો. પોલીસે દારુ સહિત રૂ.૨૬ હજારના મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. તે સમયે હિંમતનગર તરફથી અશોક ટ્રાવેલ્સની બસ આવતા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર બસ ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો. જેથી બસ ઉભી રાખતા ડ્રાઈવર અને કંડકટરને સાથે રાખી મુસાફરોના સામાન ચેક કરી રહ્યા હતા.તે સમયે એક શંકાસ્પદ મુસાફર સીટ નીચે બે થેલા સંતાડી રહ્યો હોય તેમ લાગી રહ્યું હતું. જેથી પોલીસે તેની પાસે રહેલો થેલો ચેક કરતા વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૨૪ બોટલ નીકળી હતી. પોલીસે મુસાફરની પુછપરછ કરતા તેણે પોતાનુ નામ વિકાસ શાંતિલાલ પન્નાલાલ વીટા (ઉં.૩૨, રહે.૬૮ આનંદનગર વોર્ડ ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે વિદેશી દારૂની હેરફેર કરતા યુવકને દબોચી પાડી દારુની બોટલ,મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૬ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. જયારે બીજીતરફ આદીવાડા દંતાણી વાસ ખાતે થી પણ સેકટર-૨૧ પોલીસે બાતમીને પગલે ઘરની બહાર વાડામાં રહેલા મીણીયાના કોથળામાંથી દારૂ બિયરના ટીન નંગ-૧૪ કુલ રૂ.૩૧૨૫ નો મુદ્દામાલ કબ્જે મહિલા બુટલેગર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## શ્રી ગજાનન સેવા સમિતિ ગોળ-તેલનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૧૩ લાભાર્થીને ગોળ અને તેલનું વિતરણ કરવામાં આવ્યું હતું. અઢેરા, ગોઢ, હિમ્મતપુર, રૂદ્રાલ તથા ભેટાલી મુકામે ખાદ્ય ચીજવસ્તુઓનું વિતરણ કર્યુ હતુ. જેમાં ૩ કિ.ગ્રા. ચોખા, ૫૦૦ ગ્રામ ગોળ, કપાસિયા તેલના પાઉચ, બિસ્કીટ, બાળકો માટે દફતર, નોટબુક વિગેરેનું વિતરણ કર્યુ હતુ. આ સેવાકાર્યમાં ઉમેશભાઈ ઓઝા, મિલિન્દભાઈ, ગામેતીભાઈ તથા શારદુલ સાથે રહી સેવાકાર્ય કર્યુ હતુ.

## સિવિલમાં વિના મુલ્યે કોકલિયરના દર્દીઓને સીટીસ્કેન કરી અપાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સિવિલ કેમ્પસમાં હવે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનવાની છે. ત્યારે સિવિલમાં પણ મળતી કેટલીક સગવડમાં વધારો કરવામાં આવ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી કોકલિયર ઈમ્પ્લાન્ટનું ઓપરેશન હોય તેવા દર્દીઓના દર ગુરુવારે સીટીસ્કેન કરવામાં આવે છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સીટીસ્કેનની સુવિધા ન હોવાથી દર્દીઓને ખાનગી સેન્ટરમાં જવુ પડતુ હતું. જયારે કચવાતા મને પણ રૂપીયા ખર્ચી દર્દી માટે જરુરી હોવાથી સીટીસ્કેન કરાવતા હતા. ત્યારે સિવિલમાં સીટીસ્કેન મશીન દર્દીઓ માટે લાભદાયી નીવડયું છે. કોકલિયરના દર્દીઓને વિના મુલ્યે સીટી સ્કેન કરી આપવામાં આવે છે. જયારે પહેલા ખાનગી સેન્ટરમાં દર્દીઓ રૂ.૬ હજાર ખર્ચીને સીટીસ્કેન કરાવતા હતા. ત્યારે સિવિલમાં સુવિધા મળતા દર્દીઓને રાહત થવા પામી છે. આ સીટી સ્કેન માટે સિવિલના સ્ટાફના કર્મચારીઓને ખાસ ટ્રેનીંગ પણ આપવામાં આવી છે. કોકલિયર ઈમ્પ્લાન્ટના દર્દીઓને એનેથેસીયા આપી બેભાન કરી દવા આપી સીટીસ્કેન કરવામાં આવે છે.ત્યારબાદ તેનું કોકલિયરનું ઓપરેશન કરવામાં આવે છે. કોકલિયર ઈમ્પ્લાન્ટ માટે સીટીસ્કેન રીપોર્ટ મહત્વનો છે. જયારે સિવિલમાં હાલના સમયે ૨૦ થી વધુ દર્દીઓના સીટી સ્કેન કરવામાં આવે છે. માત્ર રૂ.૧૦૦૦ માં સીટીસ્કેન થતા દર્દીઓને ખાનગી સેન્ટરમાં ખાવા પડતા ધક્કામાંથી મુકિત મળી છે. જયારે બીજીતરફ રેડીયોલોજી વિભાગ દ્વારા પહેલા કોરા કાગળ પર રીપોર્ટ લખી આપતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી દર્દીઓને કાગળમાં પ્રિન્ટેડ રીપોર્ટ આપવામાં આવે છે. જયારે સિવિલમાં આવતા એમએલસી, તેમજ પીએમજેવાય કાર્ડ ધારકોને સીટીસ્કેન માટે ફી ચુકવવાની રહેતી નથી. જયારે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અન્વયે પણ કેટલાક બાળદર્દીઓના સીટીસ્કેન ફ્રી માં કરી આપવામાં આવે છે.

## મધુર ડેરી દ્વારા ઉનાવા ગામે ચોપાલનું આયોજન



ગાંધીનગર, તા. ૮

મધુર ડેરી સાથે સંકળાયેલ ગામોમાં 'મારૂ ગામ, આગવુ ગામ'- મધુર પ્રયાસ' અભિયાન અન્વયે તા. ૮-૧૦-૨૦૨૨ના રોજ મધુર ડેરી સાથે સંકળાયેલ ગાંધીનગર જિલ્લાનું ઉનાવા ગામના લોકો સાથે કોઈપણ જાતના મંચ વગર ગામના ડે. સરપંચ સંજયભાઈ પટેલ, ગામના દૂધ મંડળીના પ્રવર્તમાન ચેરમેન ગીરીશભાઈ પટેલ, તાલુકા ડેલીગેટ રાકેશભાઈ, હોમગાર્ડ કમાન્ડો વિષ્ણુભાઈ પ્રજાપતિ, આગેવાન બળદેવસિંહ સોલંકી અને ગામના વિવિધ જ્ઞાતિના વડીલો, મહિલાઓ, યુવાનોની હાજરીમાં રોજબરોજની ગ્રામ્ય જીવનમાં પડતી મુશ્કેલીઓ, સમસ્ત ગામની સમસ્યાઓ ગામના સર્વાંગી વિકાસ માટે કરવાના કાર્યો કે વિકાસમાં અવરોધ અંતરાયો અંગે ચર્ચાઓ થઈ હતી.

જેમાં તળાવની સમસ્યા- ગામની ગટરો તળાવમાં જાય છે - ગટરની વ્યવસ્થા કરવા, બ્લડ કેન્સર બાળકોમાં વધુ છે - કારણો માટે આરોગ્ય વિભાગનો સર્વે કરાવવો, કેન્સરના બાળકોને દત્તક લેવા આગ્રહ, ઘન કચરો કે કેમિકલ યુક્ત કચરો અલગથી ડીસ્પોસ માટે વ્યવસ્થા કરાવવી, ગામનો જૂનો બોરવેલ બંધ હોવાથી નવો બોરવેલ બનાવવા બાબત, મિનરલ વોટર પ્લાન્ટ ગામલોકોના આરોગ્યને ધ્યાને લઈ ઉનાવા ગામમાં નાખવો, પ્રાથમિક પેટા આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી કમ્પાઉન્ડમાં, ગામનો રોડ ઉંચો હોવાથી પાણી ભરાય છે જેનો નિકાલ કરવા બાબત. મધુર ડેરીની પ્રોડકટ ગામમાં મળી રહે તે માટે ઉનાવા ગ્રામ પંચાયતે જમીન નીમ કરવી જેવી બાબતો અંગે ચર્ચા થઈ હતી.

આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણાએ જણાવ્યું હતુ કે ચોપાલ એ મૂળ ગુજરાતી શબ્દ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં ગ્રામ્ય પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ, સૌ ગ્રામજનો સાથે મળી, ચર્ચા વિચારણા કરી, તેના ઉપાયો નક્કી કરી સમસ્યાનો ઉકેલ લાવતા, ખરેખર આ લોકશાહીની સાચી પ્રણાલી છે. આથી મને લાગે છે કે આજે ખરા અર્થમાં ચોપાલ યોજાઈ તે આપણા સૌના માટે ઘણી આનંદની વાત છે.

## જુનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા નગરજનોને નમ્ર અપીલ

ગાંધીનગર, તા. ૭

જુનિયર સિટીઝન કાઉન્સિલની યાદીમાં જણાવ્યું હતું કે તા. ૧-૪-૨૦૨૦ થી તા. ૩૧-૩-૨૦૨૧ દરમ્યાન સંસ્થામાંથી આરોગ્ય સુરક્ષાના સાધનો (જેવા કે ટ્રેકશન પલંગ, ઓકસીઝન સીલીન્ડર, વ્હીલચેર, વૉકર, ટોઈલેટ ચેર, સ્ટીક, એરબેડ, વૉટરબેડ) વિગેરે ડિપોઝીટ ભરીને લીધેલ હોય અને સાધન રીન્યુ કરાવેલ ન હોય તો આ સાધનની ડિપોઝીટ આગામી તા. ૨૦-૧૦-૨૦૨૨ સુધી સાધન પરત આપી સંસ્થાના કાર્યાલય ખાતેથી ભરેલ ડીપોઝીટ પરત મેળવી લેવી ત્યારબાદ સાધનની ડીપોઝીટ પરત આપવામાં આવશે નહી.

હાલમાં સંસ્થા દ્વારા ડિપોઝીટ લઈ આરોગ્ય સુરક્ષાના સાધનો ફક્ત ૨ મહિના માટે આપવામાં આવે છે. તો નગરજનોને વિનંતી કે વપરાશમાં ન લેવામાં આવતા સાધનો તાત્કાલિક પરત આવામાં આવે તો જરૂરિયાતમદને તેનો ઉપયોગ થઈ શકે.



બરોડા ગુજરાત ગ્રામિણ બેન્ક, પેથાપુર કન્યા શાળા-૨ ખાતે 'સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૨'નું આયોજન કરાયુ હતુ. જે અંતર્ગત ભ્રષ્ટાચારમુક્ત ભારત, વિકસીત ભારત વિષય અન્વયે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી.

## ઘ-૩ પાસેથી વાન ચાલક દારૂ પીધેલી હાલતમાં ઝડપાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ઘ-૩ સર્કલ પાસેથી વાન ચાલક પીધેલી હાલતમાં સેકટર-૭ પોલીસના હાથે ઝડપાયો છે. પોલીસે શખ્સ સામે પ્રોહીએકટ મુજબ ગુનોં નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના જવાનો રાત્રી પેટ્રોલીંગમાં હતા તે સમયે ઘ-૫ થી ઘ-૩ તરફ આવી રહેલી મારૂતિ વાન નં.જી.જે.૦૬.એફ.ક્યું.-૦૦૯૬ નંબરની ગાડી વાંકીચુંકી સર્પાકાર ચાલી રહી હતી. જેથી ઘ-૩ સર્કલ પાસે પોલીસે તેને ઉભી રખાવી તપાસ કરતા ચાલકના મોંઢામાંથી દારૂની વાસ મારતી હતી. પોલીસે ચાલક પાસે દારૂ અંગે પરમીટ માંગતા તે નહી હોવાનું જણાવ્યું હતું.જયારે પોલીસે નામ પુછતા શખ્સે શિવાભાઈ રામભાઈ પ્રજાપતિ (રહે. સેકટર-૨ બી પ્લોટ નં. ૧૪૨૮-૧) હોવાનુ જણાવ્યું હતું. પોલીસે રૂ.૫૦ હજારની વાન કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દિક્ષારંભ કાર્યક્રમ યોજાયો



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનો દિક્ષારંભ સમારોહ યોજાયો. જ્યારે વિદ્યાર્થીઓ સ્કૂલ શિક્ષણ, પછી મહાવિદ્યાલય ના ઉચ્ચ શિક્ષણ ના માળખામાં પ્રવેશ મેળવે છે. અને તે પણ ગાંધી વિચાર આધારિત શિક્ષણ સાથે કેળવણી આપતી મ. દે.ગ્રામસેવા સંકુલમાં પ્રવેશ મેળવે છે, ત્યારે તેમને વૈચારિક ધોરણે કેટલીક મૂળભૂત બાબતો વિશે સ્પષ્ટતાઓ જરૂરી હોય છે. આ માટેનો એક દ્વિદિવસીય દિક્ષારંભ કાર્યક્રમનું આયોજન થયું. જેની શરૂઆત માં પૂર્વભૂમિકા એટલે કે શા માટે આ દિક્ષારંભ ની જરૂર છે. અને ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થી ઓ પાસેથી શું અપેક્ષા છે. તે અંગેની વાત, પ્રોગ્રામ ઓફિસર ડૉ.મોતીભાઈ દેવું એ કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ પ્રકૃતિ વિશે જવાબદાર વર્તન કરે અને પ્રકૃતિ તરફ સંવેદનશીલ થાય તે માટે ઈન્દ્રોડા નેચરલ પાર્ક ખાતે લઈ જવામાં આવ્યા હતા.જયાં શ્રી આલાપભાઈ પંડિતે વિદ્યાર્થીઓને પ્રકૃતિ અને વન્ય જીવો વિશે સુંદર માહિતી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને સરીસૃપ સાપ વિશે એક ફિલ્મ નિર્દશન કરવામાં આવ્યું હતું. શ્રી તેજસ ઠાકરે વિદ્યાર્થીઓને યોગ અને ધ્યાન નું જીવનમાં મહત્વ વિશે વાત કરી હતી.

દિક્ષારંભ ના બીજા દિવસે વિદ્યાર્થીઓને ઐતિહાસિક સાદરા ગામની હેરિટેજ વોક પર લઈ જવામાં આવ્યા હતા. જેનું પ્રસ્થાન સંયોજક શ્રી ડૉ.રાજેન્દ્ર જોષી એ કરાવ્યું હતું. ૧૮૫૭ ના મકાન ની મુલાકાત અને તેની સાથે શારીરિક શિક્ષણ વિભાગનો પરિચય અધ્યક્ષ અને ડીન શ્રી ડૉ.જગદીશ ચંદ્ર સાવલિયા એ આપ્યો હતો. ત્યાર પછીના બૌદ્ધિક સેશનમાં ડૉ.રાજેન્દ્ર જોષી એ વિદ્યાપીઠના ઈતિહાસ અને શિક્ષણ પ્રણાલી વિશે વાત કરી હતી. ડૉ.દિવ્યેશ ભટ્ટ એ મહાવિદ્યાલય ની વર્ષ દરમિયાન ની પ્રવૃતિ અને દૈનિક પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરી હતી. આરોગ્ય અધિકારી ડૉ. નયનેશ વસાવા એ આરોગ્યપ્રદ ટેવો અને નિરામય જીવનની ચાવી વિશે વાત કરી હતી. સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓ એ પ્રતિભાવો આપ્યા હતા તેમાં જીજ્ઞા પંચાલ, કિંજલ નોહગા, અંજલિ, હેતલ રબારી, નીતિન, ભાવિન રાઉત, ધનરાજ ખાંટ, રેનીશ, રવિના ચરમટા વગેરે વિદ્યાર્થીઓએ પ્રતિભાવો આપ્યા હતા. સમાપન સમારોહ માં ડૉ.રાજેન્દ્ર જોષી એ આશીર્વચન આપ્યા હતાં. વિશેષ અતિથિ તરીકે તબીબી અધિકારી ડૉ નયનેશ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસ કાર્યક્રમ નું સમગ્ર આયોજન ડૉ.રાજેન્દ્ર જોષી ના માર્ગદર્શન હેઠળ ડૉ.મોતીભાઈ દેવું અને ડૉ.દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહુન્દ્રા ગામેથી કડા સધી માતાના મંદિર જવા પગપાળા સંઘનું પ્રસ્થાન



નવરાત્રીના નવ દિવસ આસ્થા અને શ્રદ્ધાના પ્રતિક સમા નવરાત્રી મહોત્સવમાં માઈભક્તો મા ના ગુણલાં ગાતાં મન મુકીને ગરબે ઘુમ્યા બાદ આસો સુદ ચૌદસના દિવસે મહુન્દ્રા ગામેથી કડા સધી માતાના મંદિરેથી પગપાળા સંઘનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં માઈભક્તો ૧૫૦ થી ૨૦૦ ભક્તી સંઘમાં જોડાયા અને આસો સુદ પુનમના દર્શન કરી મનોકામના પૂર્ણ કરી ધન્યતા અનુભવશે.

## આજે ચાંદખેડામાં પરંપરાગત ગરબાનું આયોજન



ચાંદખેડામાં ૯મી તારીખે રાત્રે ૧૨ વાગે પરંપરાગત ગરબા યોજાશે. અમદાવાદના ઉપનગર અને ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચાંદખેડા ગામમાં આશરે ૧૭૦૦ વર્ષથી ગામ તોડાના બ્રહ્માણી માતાજીના પ્રતિ વર્ષ આસો સુદ ચૌદશ એ બે ગરબા તૈયાર કરાય છે. જુવારના સાંઠા, કાગળના રંગબેરંગી ફૂલ તેમજ જળહળતા દિવડાથી તૈયાર થયેલા માતાજીના ગરબાની આસપાસ લોકો ભારે શ્રદ્ધાથી ગરબે ઘૂમે છે. આ ગરબાનો ઉત્સવ માત્ર ચાંદખેડા ગામ પૂરતો સિમિત નથી. આ ગરબા મહોત્સવ ચાંદખેડા તેમજ આજુબાજુના ગામ અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતના લોકો પધારે છે. ચાંદખેડા ગામના મનહરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે ગરબાની શરૂઆત ગામના નાયક ભાઈઓ દ્વારા સ્તૃતિ ગાઈને કરવામાં આવે છે.

## સરપંચ પરિષદ ગુજરાતનાં પ્રદેશ ઉપ પ્રમુખ તરીકે સમરસ સરપંચ શ્રીમતિ કોકિલાબેન ઝાલાની વરણી

સરપંચ પરિષદ – ગુજરાતના તમામ સરપંચો ને જણાવવામાં આવે છે કે આપણા ગુજરાતભરનાં બધા સરપંચો ને છેલ્લા ( ૪ ) ચાર વર્ષથી તમામ રીતે મદદરૂપ સાથે માહિતગાર કરતા રજીસ્ટર સંગઠ્ન રાષ્ટ્રીય સરપંચ સંઘ સંચાલિત પ્રદેશ કાર્ય સમિતિ એવી સરપંચ પરિષદ – ગુજરાતના પ્રદેશ ઉપ પ્રમુખ તરીકે ચેખલારાણી ગ્રામ પંચાયતના સમરસ સરપંચ એવા શ્રીમતિ કોકિલાબેન ઝાલાની પ્રદેશ ઉપ પ્રમખ તરીકે રાષ્ટ્રીય સરપંચ સંઘના રાષ્ટ્રીય મહાસચિવ શ્રી મુકેશભાઈ સખિયા અને સરપંચ પરિષદ ગુજરાતનાં ચેરમેન શ્રી જુવાનસંગ ડોડીયા ની સૂચનાથી ગુજરાત પ્રદેશ મંત્રી શ્રી વિરસંગજી ચૌહાણ , પ્રદેશ સંગઠન મંત્રી શ્રી બાલકૃષ્ણ જીરાલા અને મધ્ય ગુજરાત ઝોન પ્રવકતા શ્રી મુકેશભાઈ શાહ સહિતના આગેવાનોની હાજરીમાં તા. ૦૭-૧૦-૨૦૨૨ થી નિમણુંક કરવામાં આવી છે.